Title: IITGN News

Source: Divya Bhaskar Newspaper

Date: 07/03/2017

સાથી હાથ બઢાના | ગરીબ પરિવારના તેજસ્વી બાળકોના ભાવિ માટે આઈઆઈટીના વિદ્યાર્થીઓની પ્રેરક પહેલ

# આઈઆઈટીયન્સ એક કોલ પર RTE હેઠળ એડમિશન માટે હેલ્પ કરવા પહોંચી જશે

સિટી રિપોર્ટર @ahm_cb

nobal cause

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ(આરટીઈ)માં સેક્શન 12(1) (સી)માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ આર્થિક રીતે પછાત પરિવારના બાળકો માટે ખાનગી શાળાઓમાં 25 ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે. જેના પર ગરીબ બાળકોને સારી સ્કૂલમાં વિનામૂલ્યે શિક્ષણ પ્રાપ્ત થાય છે. પરંતુ ઘણા પરિવારોમાં આ રાઈટ ટુ એજ્યુકેશનનો લાભ કેવી રીતે લેવો? તેના ફોર્મ ક્યાં મળે અને અરજી કેવી રીતે કરવી? સચિતની માહિતીનો અભાવ હોવાથી તેઓ આ લાભ મેળવી શકતા નથી. આવા પરિવારોની મદદ માટે હવે આઈઆઈટીના વિદ્યાર્થીઓએ કમર કસી છે. વિદ્યાર્થીઓએ સારી સ્કૂલમાં અભ્યાસ ઈચ્છતા ગરીબ પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓની મદદ કરવાનુ અભિયાન શરૂ કર્યુ છે. જે અંતર્ગત તેઓ ગરીબ પરિવારના એક કોલ માત્રથી પરિવારની મદદે પહોંચી જશે અને રાઈટ ટુ એજ્યુકેશનના ફોર્મ મેળવવાથી માંડીને ફોર્મ ભરી દેવા સુધીની તમામ મદદ કરશે.



## ગરીબ બાળકોનું ભાવિ સુધારવાનો સંકલ્પ

ગરીબ બાળકોને પણ સરકારી જોગવાઈ મુજબ સારી સ્કૂલમાં એડમિશન મળે તે માટે શક્ય એટલા તમામ પ્રયાસો કરવાનો અમે સંકલ્પ કર્યો છે. આ માટે અમે ખાસ ટીમ તૈયાર કરી છે અને હેલ્પલાઈન નંબર પણ બનાવ્યો છે. • જલધીર ત્રિવેદી, સ્ટુડન્ટ

## ખાસ ટીમ બનાવી જાહેર કર્યો હેલ્પલાઈન નંબર

આરટીઆઈ હેઠળ પ્રવેશ માટે ગરીબ પરિવારોને મદદ કરવા આઈઆઈટીના વિદ્યાર્થીઓએ એક ખાસ ટીમ બનાવી છે અને એક હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો છે. આ હેલ્પલાઈન નંબર ૯૪૦૯૧૭૯૯૬૮ પર કોલ કરવાથી આઈઆઈટીના વિદ્યાર્થીઓ આરટીઆઈ હેઠળ પ્રવેશ માટે તમામ મદદ પુરી પાડશે.

## ગામડાંઓમાં અવેરનેસ કેમ્પનું આયોજન કરશે

આરટીઆઈ અંગે લોકોમાં અવેરનેસ ફેલાવવા વિદ્યાર્થીઓ આઈઆઈટીના પાલેજ કેમ્પસની આસ-પાસના ગામડાંઓના અને બહુમાળી બિલ્ડિંગ્સમાં કામ કરતા મજૂરોનો સંપર્ક કરીને તેમના બાળકોને શાળામાં પ્રવેશ અપાવશે. આ ઉપરાંત ગ્રામિણ વિસ્તારોમાં અવેરનેસ કેમ્પ પણ કરશે.